ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

# નીતિ ગ્રંથોમાં રાજકીય મૂલ્યો - શુક્રનીતિના સંદર્ભમાં



| પ્રસ્તુતકર્તા: | માર્ગદર્શન: |
|---|---|
| ત્રિવેદી ઝરણાબેન પ્રવીણચંદ્ર, | ડૉ. કાલિન્દી પાઠક, |
| પી. એચડી. વિદ્યાર્થિની, ગુજરાત યુનિવર્સિટી | એસ. વી. આર્ટ્સ કૉલેજ, ગુજરાત યુનિવર્સિટી |

પ્રસ્તાવના

સાહિત્ય સમાજનું દર્પણ છે, જેવો સમાજ હોય તેના જેવી જ વાતો તેના સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે. સમાજના રૂપ, રંગ, વૃદ્ધિ, હ્રાસ, ઉત્થાન, પતન અને સમૃદ્ધિ સહિતની દરેક સ્થિતિની ઝલક જે તે સમયના સાહિત્યમાં જોવા મળે છે. શુક્રનીતિ ભારતીય સમાજના ભવ્ય વિચારોનો અરીસો છે. ભારતવર્ષમાં નૈતિક જીવનના સાધનો ઉપલબ્ધ હોવાથી ભારતીય સમાજ જીવન સંગ્રામના વિકટ સંઘર્ષથી વિમુખ ન થઈને માનવ જીવનની સાર્થક ઉપલબ્ધિને પોતાનું લક્ષ્ય માને છે.

સંસ્કૃત સાહિત્યમાં નીતિ પરક અનેક ગ્રંથો ઉપલબ્ધ છે. શુક્રનીતિ તેમાંનો એક ગ્રંથ છે. જેમાં સૂત્રાત્મક પદ્ધતિથી જીવનને સુખમય અને લાભપ્રદ બનાવવા માટે ઉપયોગી વિષયોનું વર્ણન જોવા મળે છે. શુક્રનીતિની પોતાની એક વિશિષ્ટ પણ સુબોધ શૈલી છે. સંપૂર્ણ ગ્રંથમાં અનુષ્ટુપ વૃત્તોનુ પ્રાધાન્ય છે. રાજનીતિનું જ્ઞાન જે સર્વકાલીન ગણી શકાય તે આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. રાજા, રાજ્ય અને સમાજ આ ગ્રંથના પ્રમુખ તત્વો છે. તેના કર્તવ્યનો નિર્દેશ આ ગ્રંથનો પ્રમુખ વર્ણ્ય વિષય છે. રાજા પોતે જ ધર્મ નીતિનું પાલન કરતાં-કરતાં સન્માર્ગ પર ચાલવા પ્રજાને પ્રેરિત કરે. જો પોતે રાજા નૈતિક હોય તો તે પ્રજા માટે અનુકરણીય બની રહે છે.

નૈતિક રાજા કેવો હોય ?

આચાર્ય શુક્ર ખરાબ ગુણોના આધારે રાજાના સ્વરૂપનું નિર્ધારણ અને વર્ગીકરણ કર્યુ છે. પવન જેમ સુગંધ અને દુર્ગંધનો વાહન છે તેમ રાજા પણ સારા-ખરાબ કર્મોનો પ્રેરક હોય છે. જેમ સૂર્ય અંધકારનો નાશક તેમજ ધર્મનો પ્રવર્તક હોય છે, તેમ રાજા પણ અધર્મનો નાશક તેમજ ધર્મનો પ્રેરક હોય છે. યમરાજાની જેમ દુષ્કર્મનો દંડ આપનાર રાજા જ હોય છે. જેમ અગ્નિ આહુતિને ગ્રહણ કરે છે તેમ રાજા પ્રજા દ્વારા અપાયેલા કરને ગ્રહણ કરે છે અને તે ધનથી રાજા પ્રજાને પુષ્ટ કરે છે.

રાજા પ્રજાને ગુણજ્ઞ બનાવવામાં પિતાની જેમ નિપૂણ, માતાની જેમ પ્રજાના અપરાધને ક્ષમા કરવામાં સક્ષમ, ગુરૂની જેમ પ્રજાના હિતોપદેશક, ભાઈની જેમ અંશ ગ્રહિતા, કુબેરની જેમ ધનવાન, યમની જેમ અપરાધીને દંડ દેનાર હોય છે. રાજામાં આ બધા ગુણ સ્વભાવ સિદ્ધ હોય છે.

રાજત્વની આ કલ્પના ઐતિહાસિક દૃષ્ટિના મહત્વથી ઋગ્વૈદિક કાળથી શુક્ર કાળ સુધી નિરંતર પ્રવાહિત રહી છે. ઐતરેય બ્રાહ્મણમાં એક કથા છે - એકવાર દેવતા અને અસુરો વચ્ચે યુદ્ધ થયું. યુદ્ધમાં અસુરોના વિજય અને દેવતાઓનું પરાજય થયો અર્થાત રાજા ન હોવાથી આ સ્થિતિ થઇ. આપણે આપણો રાજા પસંદ કરવો જોઈએ. બધાએ આ વાતની સ્વીકૃતિ કરી (ઐતરેય બ્રાહ્મણ 1/5/9) તૈતરેય બ્રાહ્મણમાં પણ એક કથા બતાવી છે કે, દેવાસુર સંગ્રામમાં પ્રજાપતિ બ્રહ્મા એ પોતાના જયેષ્ઠ પુત્ર ઇન્દ્રને અસુર મારી ન નાખે તે માટે સંતાડી દીધો

અને બીજી બાજુ કયાધુનો પુત્ર પ્રહલાદ એ પોતાના પુત્ર વિરોચનને દેવતા મારી ન નાખે તે માટે સંતાડી દીધો પરંતુ દેવોએ એવું વિચાર્યું કે રાજા વગર યુદ્ધ કરવું અસંભવ છે પછી ઈન્દ્રને રાજા બનવા માટે પ્રાર્થના કરી.

સંગ્રામ વિધિ ધ્યાનથી જોતા એ ખ્યાલ આવે છે કે સંગ્રામમા એક એવી શક્તિની આવશ્યકતા હોય છે જે સર્વે શક્તિસંપન્ન, સર્વાધિકારવાળી હોય અને જે લોકોની સુરક્ષા કરી શકે. સુંદર શાસન-વ્યવસ્થા સ્થાપિત કરવા માટે એક નીતિજ્ઞ રાજા અત્યંત આવશ્યક હોય છે.

ઋગ્વેદમાં મિત્ર, વરૂણ અને અગ્નિએ પોતાના રાજત્વના વિષયમાં જે વાત કહી છે. જેમાં રાજા જાજરમાન હતા, લોકો તેમની આજ્ઞાનું પાલન કરતા. (ઋગ્વેદ 4/42) રાજા પાસેથી બધા જ પ્રકારની સહાયતા અપેક્ષિત હતી. રાજા ન્યાયાધીશ પણ હતા. દિવાની અને ફોજદારી બંને પ્રકારના નિર્ણયો રાજા જ કરતા હતા. (ઋગ્વેદ 25/13, 4/4/3)

રાજા વગર રાજ્યનું સંચાલન શક્ય નથી. આથી વૈદિકકાળથી જ રાજનીતિમાં રાષ્ટ્રનીતિની અંતર્ગત રાજાની કલ્પના યોગ્ય માની છે કેમ કે, રાજા વિના, એક નિયંત્રક વગર, રાજ્યનું સંચાલન સંભવ નથી. રાજા જ દંડાધિકારી છે દંડના ભયથી જ લોકો પોતાના ધર્મ પર, પોતાના કર્તવ્ય પર સુદ્રઢ થઈ રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવાની ઇચ્છા રાખે છે. આ કારણે જ શુક્ર એ નીતિને દંડનો પર્યાય માની રાજપદની કલ્પના કરી છે.

સમાજમાં જ્યારે અવ્યવસ્થા થઈ જાય છે. અનાસ્થા અને અરાજકતાની બોલબાલા વધી જાય છે. ઉગ્રવાદ, મનમાની, હત્યા અને લૂંટ, અત્યાચાર જેવા અનાચારી લોકોનું કર્મ પોતાની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે આવા સમાજને વ્યવસ્થિત કરવા માટે રાજા કે સુદ્રઢ પ્રશાસકની આવશ્યકતાને શુક્ર સમજાવે છે.

રાજા નીતિ સંપન્ન હોય છે. રાજાએ યત્ન પૂર્વક નીતિ શાસ્ત્રનો અભ્યાસ કરવાની ચર્ચા શુક્રએ કરી છે. તેમની દૃષ્ટિએ નીતિ નિપુણ રાજા જ શત્રુઓ જિત મેળવી શકે છે, રાજા નીતિ શાસ્ત્રના બળથી બધાનો સ્વામી છે. નિત્ય પ્રજાનું પાલન અને દુષ્ટોનુ દમન કોઈપણ રાજાનો પરમ ધર્મ છે અને આ કર્મ નીતિ શાસ્ત્ર દ્વારા જ સંપાદિત થાય છે. નીતિ રહિત રાજા દોષયુક્ત હોય છે, ડરેલો રહે છે. તેની સૈન્યશક્તિ ક્ષીણ થઈ જાય છે અને તે અનાયાસ શત્રુના અધિકાર ક્ષેત્રમાં ચાલ્યો જાય છે. શુક્રએ સ્પષ્ટ કહ્યું છે કે,

**नीतिं त्यकत्वा वर्त्तते य:स्वतन्त्र: से हि दु:खभाक् ।**

**स्वतन्त्र प्रभुसेवा तु हयसिधारावलेहनम्।**

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

રાજાનું કર્તવ્ય

રાજધાનીમાં રહેનાર રાજા રાતના ચોથા પ્રહરમાં જાગી રાજ્યની દૈનિક આવક અને ખર્ચ પર વિચાર કરે છે અને તેનું સંતુલન કરે. રાજકોષમાં કેટલું ધન સુરક્ષિત છે અને તેમાંથી કેટલો ખર્ચ થયો, તે ખર્ચ ક્યાં થયો તેના પર તેનું ધ્યાન રહે છે. વ્યવહારમાં મુદ્રિત આવક-ખર્ચ પછી કેટલું ધન વધ્યુ તેની રાજાને બરાબર જાણકારી હોવી જોઈએ. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કેટલું ધન વપરાશે તેની અગાઉથી વ્યવસ્થા કરી રાખવી જોઈએ અને પછી નિત્ય કર્મમા લાગી સ્નાન, સંધ્યા અને સત્ગ્રંથોના શ્રવણના પછી બે મુહૂર્ત દાનાદિ કરવામાં વ્યતીત કરવા. શ્રેષ્ઠ કર્મ કરનાર રાજ સેવકોને એક મુહૂર્ત સુધી પુરસ્કૃત કરવા. અન્ન, વસ્ત્ર, સુવર્ણ તથા રત્નોને જોવા અને સેના માટે આદેશ આપવા. પોતાના મિત્ર બાંધવ સાથે ભોજન કરી થોડો સમય વિશ્રામ કરવો. મંત્રીઓ સાથે બેસી આગળના નિર્ણયો વિશે વિચાર-વિમર્શ કરવા. શિકાર, ખેલ અને સૈન્ય વ્યૂહાભ્યાસમાં સંધ્યાનો સમય વીતાવવો. રાત્રિભોજન પછી ગુપ્તચરો પાસેથી રાજ્યની સ્થિતિની જાણકારી મેળવવી ત્યારબાદ સ્વસ્થ મન સાથે સૂઈ જવું. આ રાજાનું દૈનિક કાર્ય છે. શુક્રએ પ્રથમ સર્ગમાં આ વાતો ઉલ્લેખ કર્યો છે.

ઉપસંહાર

મનુષ્યના ગુણ-દોષનું વિવેચન શાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ હોય છે. ગુણોને વધારવા અને દોષની અવગણના કરવી તેની નિયંત્રણ રેખા છે. ગુણ અને દોષ મનુષ્યની સ્વાભાવિક પ્રવૃત્તિ છે. જ્યાં મનુષ્ય હોય ત્યાં આ હોય. તેને નિયંત્રિત કરવાનો આધાર દંડ નીતિ જ હોય છે અને દંડ નીતિનો આશ્રય રાજા હોય છે. વંશગત કે ગુણગત તેની પસંદગી સમાજ સ્વયં જ કરે છે. ફર્ક માત્ર એટલો છે કે પહેલા વંશાનુગત રાજા હતા તેની આજે બહુમતી દ્વારા પસંદગી કરવામાં આવે છે. નેતા કે પ્રશાસક જેવા હોય તેના સામ્રાજ્યમાં પણ તેવી જ સુખ-સમૃદ્ધિ હોય. શુક્રનીતિ સારમાં રાજાને યુગપ્રવર્તક માનવામાં આવ્યો છે.

*************

સંદર્ભગ્રંથો:


- શુક્રનીતિ – ડૉ. જગદીશચન્દ્ર મિશ્ર
- ઋગ્વેદ પ્રાતિશાખ્યમ્ – ડૉ. વિરેન્દ્રકુમાર શર્મા